# ગાંધીનગરમાં રેકોર્ડબ્રેક, નવા ૧૧૦ કેસ

## શહેરમાં સોમવારે સાંજે ૭ થી મંગળવારે સાંજે ૭ સુધીમાં ૯૨ મૃતદેહોનો અંતિમ સંસ્કાર કરાયા, જેમાં ૪૦ કોરોનાગ્રસ્ત મૃતકોના અગ્નિ સંસ્કાર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું ભયાવહ સ્વરૂપ આજે પણ યથાવત્ રહેતાં જિલ્લાવાસીઓમાં ભય અને ગભરાટની લાગણી પ્રસરી જવા પામી છે. જિલ્લામાં આજે સતત બીજે દિવસે ૧૧૦ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૫૬ અને શહેરમાં નવા ૫૪ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અત્યારે એકદમ પીક પર પહોંચ્યુ છે. ચેપરેટ પાંચને પાર કરી ગયો છે. તંત્ર દ્વારા વધુ ને વધુ હોસ્પિટલોમાં બેડ ઉપલબ્ધ બને તે માટેના પ્રયાસો હાથ ધરાયા છે. શહેરમાં ત્રણ સ્થાનો પર એ દર્દીઓને અપાતી દવા તેમજ ટેસ્ટીંગની કીટ ખલાસ થઈ જવા પામી છે. તો કેટલાક સ્થાનો પર આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટેની કીટો પણ ખૂટી હોવાનો અહેવાલો છે. જો કે જિલ્લા તંત્રએ જણાવ્યુ છે કે સબ સેન્ટરને તેની ક્ષમતા મુજબ કીટો ફાળવવામાં આવતી જ હોય છે. કોઈ કીટ કે દવાનો જથ્થો ખુટી પડ્યો નથી.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૬ નવા કેસ નોંધાયા છે. અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ વર્ષથી લઈ ૭૦ વર્ષની વય ધરાવતા વડીલો પણ સંક્રમિત થઈ એક દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામ તાલુકામાં ૭ કેસ, ગાંધીનગરમાં ૨૦ કેસ, કલોલમાં ૧૪ કેસ અને માણસામાં ૧૫ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં પાંચ ખેડૂત, ૮ વિદ્યાર્થી, પાંચ કર્મયોગી પણ સંક્રમિતોની યાદીમાં છે. ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારનારની સંખ્યા વધી છે. જિલ્લાતંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી સાથે કડક મોનીટરીંગની સૂચનાઓ આપવા ઉપરાંત સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તે જોવા પણ તાકીદ કરી છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોમાં મહિલા, વિદ્યાર્થીઓ તેમજ મોટીવયના લોકોને કારણે તંત્રની ચિંતા વધી છે અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી પણ અસરકારક રીતે થાય તે જોવા તંત્રને જણાવવામાં આવ્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગ પણ વધારવામાં આવ્યુ છે.

દહેગામ તાલુકામાં આજે નોંધાયેલા ૭ કેસમાંથી ૪ કેસ દહેગામ અર્બનમાંથી મળી આવ્યા છે. આ ઉપરાંત ઝિંડવા, અમરાજીના મુવાડા તથા નાંદોલમાંથી કેસો મળી આવ્યા છે. તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે.

ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં ૩ કેસ ધણપ, ૪ કેસ કોલવડામાંથી, ૫ કેસ કુડાસણમાંથી, પેથાપુરમાંથી ૩ કેસ ઉપરાંત ડભોડા, ચીલોડા, ગિફટસીટી, આલમપુર અને સરગાસણમાંથી કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં આજે નોંધોલા કેસો ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. જેમાં જામળા ગામેથી ૨ કેસ, ૬ કેસ લિંબોદરા ગામેથી, સોજા ગામેથી ૨ કેસ, બોરીસણા ગામેથી બે કેસ ઉપરાંત વડસર અને ખોલા ગામેથી પણ કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે પણ ૧૫ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

તાલુકાના લાકરોડા ગામેથી ૨ કેસ, માણેકપુર ગામેથી ૪ કેસ ઉપરાંત અંબોડ, પુંધરા, રિદ્રોલ, બદપુરા, ગ્રામભારતી, મકાખાડ અને રામપુરા ગામેથી કેસો મળી આવ્યા છે.

સઘન સર્વેલન્સ કરવા સાથે ટેસ્ટીંગ વધારવા અને સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટે તાકીદ કરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪૭૨૪ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૮૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૪૩૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનર શહેરમાં આજે નવા ૫૪ કેસ નોંધાયા છે. શહેરમાં કેસોની સંખ્યા વધી છે. જેમાં પરિવારો સંક્રમિત થતા હોવાનું વધુ બહાર આવી રહ્યુ છે. શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી રહી છે.

શહેરમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેમાંય ખાસ કરીને ગત વર્ષે જે હોટસ્પોટ તરીકે ઓળખાતા વિસ્તારો હતા તેમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. કેસોની સંખ્યા વધવાની સાથે તંત્રની દોડધામ પણ વધવા પામી છે.

શહેરમાં આજે રજાના દિવસે પણ ૧૩૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં અમદાવાદના ખાનગી નોકરીયાત, ડભોડાનો શિક્ષક, ટી.સી.એસ.નો કર્મયોગી, પ્રોપર્ટી ડીલર, આંગણવાડી કાર્યકર, ઉદ્યોગભવનનો

● અનુસંધાન પાના - ૭ પર

સિમ્ટોમેટીક દર્દીઓ માટે કોવિડ કેર સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે.

ગાંધીનગર સિવિલ સહિત તમામ ખાનગી હોસ્પિટલોમાં બેડ હાઉસફુલ થઈ ગઈ છે. જિલ્લામાં વાવોલ ખાતેના સબ સેન્ટરમાં રહ્યા છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૫૬ કેસમાં ૧૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ હવે પરિવારોના પરિવારો સંક્રમિત થઈ રહ્યાની વાતો બહાર આવી રહી છે. આજે

### શહેરમાં ૪૦ કોરોનાગ્રસ્ત મૃતકોના અગ્નિ સંસ્કાર

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં બંને અંતિમધામોમાં થઈ ૬૨ કોરોનાગ્રસ્ત દર્દીઓના અંતિમ સંસ્કાર થયા. જેમાં મુક્તિધામમાં ૪૬ મૃતકોમાંથી ૩૫ કોરોનાગ્રસ્ત હતા. એ જ રીતે સરગાસણ રુદ્રભૂમિ ખાતે દિવસ દરમિયાન ૧૬ના અગ્નિસંસ્કાર કરાયા જેમાં ૫ કોરોનાગ્રસ્ત મૃતકોનો સમાવેશ થાય છે. આમ, કુલ ૬૨માંથી ૪૦ કોરોનાગ્રસ્ત મૃતકોનો અંતિમ સંસ્કાર કરાયો.

શહેરની સિવિલ હૉસ્પિટલ તથા અન્ય બિનસરકારી હૉસ્પિટલોમાં સારવાર લઈ રહેલા ૪૦ કોરોનાના દર્દીઓ મૃત્યુ પામ્યા હતા.

### શહેરની સરકારી-ખાનગી હોસ્પિટલમાં બેડ ખુટી ગયા

ગાંધીનગર શહેરમાં કોરોના આતંક મચાવી રહ્યો છે. કોરોનાના વધતા જતા સંક્રમણને પગલે નાગરીકો ભયભીત બન્યા છે. ગાંધીનગરમાં કોવીડના કેસ વધતા શહેરની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં બેડ ખુટી ગયા છે. દરેક હોસ્પિટમાં બે-બે દિવસના વેઈટીંગ ચાલી રહ્યા છે. જયારે છેલ્લા ત્રણ દિવસ થી તો શહેરની કોવીડ હોસ્પિટલના તમામ વોર્ડ દર્દીઓથી ભરાઈ જતા ઓકિસજનની જરુરીયાત વાળા દર્દીઓને પણ દાખલ કરવામાં આવતા નથી. કારણ કે સિવિલમાં ઓકિસજન, બાયપેપ અને વેન્ટીલેટર પર દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. શહેરી-તાલુકા વિસ્તારમાં પણ કોરોના પોઝીટીવ ઓકિસજનની જરુરીયાતવાળા દર્દીઓને લઈ એક થી બીજી હોસ્પિટલ રીતસરની રઝળપાટ દર્દીઓના સગાને કરવી પડે છે. એક તરફ રેમડેસિવિર ઈન્જેકશનની અછત વર્તાઈ રહી છે. જયારે ફેબીફલ્યુ દવા પણ ન મળતા નાગરીકો ચિંતિત નજરે પડી રહ્યા છે. હોસ્પિટલમાં બેડ, દવા અને ઈન્જેકશનની અછત વચ્ચે હવે કોરોના દર્દીઓ ભગવાન ભરોસે હોય તેમ લાગી રહ્યું છે.

## કોરોનારૂપી અસુરને ડામવા દિવ્ય પ્રાર્થના માટે નાગરિકોને અપીલ

### દવા, ઇન્જેકશન અને બેડ સાથે નાગરિકોની હીમત અને ધીરજ પણ ખુટી પડી છે ત્યારે નગરજનોને મનોબળ વધારવા સામુહિક પ્રાર્થના કરવા ગાંધીનગર સમાચારની અપીલ

ગાંધીનગર તા ૧૩

ઓ પાલનહારે ... નિર્ગુણ ઓર ન્યારે.. તુમરે બિન હમરા કોનો નાહી... હમરી ઉલ્જન સુલજા ઓ.. ભગવાન...કોરોનાના કપરા કાળમાં હાલ દવા , ઈન્જેકશન,બેડ, ઓક્સિજનની પ્રાથમિક સુવિધા પણ નથી .. કોરોનાના સતત વધતા કાળાકહેર વચ્ચે હવે દવા અને ઈન્જેકશનની જેમ આમ નાગરિકોની ધીરજ અને હીંમત પણ ખુટી પડી છે.. આ કપરા કાળમાં હવે ઈશ્વરને પ્રાર્થના કરવા સિવાય કોઈ રસ્તો બચ્યો નથી. બે હાથવાળા દવા કે ઈન્જેકશન પણ આપી શકતા નથી ત્યારે હજાર હાથવાળાને પ્રાર્થના કરી આ ભયાનક આફતને અવસરમાં ફેરવવાનો પ્રયાસ અનિવાર્ય છે. પ્રાર્થનામાં ગજબની શકિત હોય છે. આજથી ચૈત્રી નવરાત્રિ પવિત્ર દિવસો પણ શરૂ થઇ ગયા છે. ત્યારે કોરોનારૂપી આસુરી શકિતનો નાશ કરવા માટે દિવ્ય શકિતની આરાધના પણ અસરકારક હથિયાર છે. ગાંધીનગર સમાચાર પણ સૌ કોઈ નગરજનોને ઈશ્વરને પ્રાર્થના કરવા માટે અપીલ કરે છે. શહેરીજનો પ્રતિદિન સાંજે ૭ થી ૮ ના સમયગાળા દરમિયાન સામુહિક પ્રાર્થનામાં જોડાય અને સમુહ પ્રાર્થનાના લીધે વાતાવરણમાં દિવ્યતાનુ સર્જન થશે. પ્રાર્થના થકી એ પોઝિટીવ વાઈબ્રેશન ચોક્કસ દિવ્ય શકિત પાસે પહોંચશે અને તેના આર્શીવાદ વરસશે. બે હાથવાળી સરકાર અને સત્તાધીશો બધા લાચાર બની તમાશો જોઈ રહ્યા છે. નિર્દોષ નાગરિકોને સારવાર માટે દવા , ઈન્જેકશન કે ખાટલા પણ નસીબ થતા નથી. સ્મશાનમાં પણ મોટી કતાર જોવા મળે છે. હૈયુ હચમચી જાય તેવા ભયાનક દ્રશ્યો રોજબરોજ આંખ સામે આવી રહ્યા છે. ત્યારે આ કપરી પરિસ્થિતિમાં મનોબળ વધારતી પ્રાર્થના શકિત જાગૃત કરવી અનિવાર્ય બની છે. કોરોના કાળના આ દિવસોમાં હવે પ્રત્યેક નાગરિકો હવે દવા નહીં પણ સાચા અર્થમાં દુવાના ભરોસે હોવાનો ચિતાર પણ રોજબરોજ રજુ થાય છે.. શ્રધ્ધા ભકિતમાં અનોખી તાકાત છે. મંદિરો પણ હાલ બંધ છે. આ સ્થિતિ વચ્ચે સૌ કોઈએ ઘરની બહાર નિકળ્યા વિના રોજ સાંજે સામુહિક પ્રાર્થના પોતાના ઘરે જ કરવા પણ પાટનગરનુ પોતાનુ અખબાર અપીલ કરે છે. હૈયામાં હીંમત આપતી પ્રાર્થના થકી ચોક્કસ જન આરોગ્યને સુખાકારી મળશે. કોરોનારૂપી અંધકારમાંથી દિવ્ય ઉજાસ તરફ જવા માટે પ્રાર્થના ઉત્તમ પુરવાર થશે.

### ગાંધીનગર સિવિલમાં હેલ્પ ડેસ્કની જગ્યા બદલાઈ

ગાંધીનગર સિવિલમાં ડી બ્લોકની નીચે ડ્રાઈવર રૂમની સામે હેલ્પ ડેસ્કનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કોવીડના દર્દીઓની જાણકારી અને ટીફીન, મૃતક દર્દીના ટોકન આપવાની કામગીરી થતી હતી. આ હેલ્પ ડેસ્ક રાત દિવસ કાર્યરત હતું અને સતત સ્ટાફના કર્મચારીઓ પણ હાજર રહેતા હતા. ત્યારે કોવીડમાં કોઈ નવા આયોજનને પગલે હેલ્પ ડેસ્ટની જગ્યા બદલી કરાઈ છે. જેમાં જુની કેન્ટીન પાસે વેક્સિનના સ્થળ પર હેલ્પ ડેસ્ક અને વેકિસનની કામગીરીને નવી ઓપીડી બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર પર યલો ફીવરની રસી આપવામાં આવતી હતી તે સ્થળ પર લઈ જવામાં આવી છે. કોરોના કહેર મચાવી રહ્યો છે. ત્યારે સિવિલમાં જગ્યાની અછત ઉભી થતા વિવિધ વિભાગની અદલા બદલી ચાલી રહી છે.

---

ભારત સરકાર અને DRDOના સહયોગથી ગુજરાત સરકારની અભૂતપૂર્વ પહેલ

## અમદાવાદમાં યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં ૯૦૦ બેડની કોવિડ કેર હોસ્પિટલ ઉભી કરાશે

કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાનમાં રાખીને દર્દીઓને સારામાં સારી સારવાર આપવાની



પ્રતિબદ્ધતા સાથે ગુજરાત સરકારે ભારત સરકારના ગૃહ મંત્રાલયના ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ᴅʀᴅᴏ)ના સહયોગથી અમદાવાદમાં ૯૦૦ બેડની સંપૂર્ણ સુવિધાસજ્જ ડેડીકેટેડ કોવિડ કેર હોસ્પિટલ ઉભી કરવાની અભૂતપૂર્વ પહેલ કરી છે. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરમાં આગામી બે અઠવાડિયામાં આ હોસ્પિટલ કાર્યરત કરાશે. મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી, ના. મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ગાંધીનગરમાં કોર કમિટીની બેઠકમાં હોસ્પિટલના નિર્માણની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

અમદાવાદમાં ૧૩૨ ફૂટ રીંગ રોડ પર આવેલા ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટરમાં ૯૦૦ બેડની ડેડીકેટેડ કોવિડ કેર હોસ્પિટલમાં ૧૫૦ આઈ.સી.યુ. બેડ હશે, જયાં ૧૫૦ વેન્ટિલેટર્સની વ્યવસ્થા પણ હશે. તમામે તમામ ૯૦૦ બેડ ઓક્સિજનની સુવિધા સાથેના હશે. જો જરુર પડે તો વધુ ૫૦૦ પથારીઓ વધારી શકાય એવી વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. આ હોસ્પિટલમાં પોર્ટેબલ એક્સ-રે મશીનની પણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. કોરોનાના દર્દીઓને સારામાં સારી સારવાર મળી રહે એવું તમામ આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ હોસ્પિટલના સંચાલન અને વહીવટ માટે ઉપયોગી સૂચનો કર્યા હતા. ગુજરાતમાં કોરોનાના દર્દીઓને સારામાં સારી સારવાર આપી શકાય એ માટે વ્યવસ્થાઓ વધારવામાં મદદરૂપ થવા ગુજરાત સરકારે ભારત સરકારને વિનંતી કરી હતી. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ અભૂપૂર્વ પહેલને સાકાર કરવામાં મદદ કરી છે. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ માટે કેન્દ્ર સરકારનો આભાર માન્યો છે.

## ઘ-માર્ગ પર અન્ડરપાસ અવર-જવર માટે ખુલ્લો મુકાયો

ગાંધીનગર તા ૧૩

શહેરના મુખ્ય ઘ માર્ગ પર છેલ્લા દોઢ વર્ષથી અન્ડર પાસનુ કામ ચાલતુ હતુ. જયારે આ કાર્યયોજનાને અનુલક્ષીને ઘ-૪ વિસ્તારમાં ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ હતુ જેના લીધે ટ્રાફિક સિનારિયો પણ બદલાયો હતો આ લોકડાઉનના અંતે છેલ્લા ચાર મહીનાથી અન્ડર પાસના નિર્માણની બાકી કામગીરી પણ તેજ ગતિએ હાથ ધરવામાં આવી હતી. અગાઉ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અન્ડર પાસનુ લોકાર્પણ પણ કર્યુ હતુ જો કે ત્યારબાદ પણ અન્ડર પાસ આમ થઈ ગઈ હતી. એક વર્ષના અંતે શહેરના હાર્દ સમા ઘ- ૪ વિસ્તારમાં ટ્રાફિકનો ધમધમાટ જોવા મળ્યો હતો.

નવા અન્ડર પાસ પર સડસડાટ વાહનો દોટતા જોવા મળ્યા હતા. અન્ડર પાસની કામગીરી પુર્ણ થયા બાદ હાલ



સ્થિતિને અનુલક્ષી વાહનચાલકો પણ ગોથે ચઢતા હતા જયારે અન્ડર પાસની કામગીરી પણ કોરોના કાળમાં મંદ પડી ગઈ હતી ગત વર્ષે કોરોનાના પ્રારંભિક તબક્કે લોકડાઉન લાગી જતા વિકાસના વિવિધ કામો પણ ઠપ્પ થઈ ગયા હતા. જયારે નાગરિકોની અવરજવર માટે ખુલ્લો મુકાયો ન હતો પરંતુ આજે સાંજે અન્ડર પાસને અનુલક્ષી રૂટમાં આવતા અવરોધો પણ કોર્પોરેશન દ્વારા દુર કરી દેવાયા હતા જયારે સાંજના સમયે શહેરના મુખ્યમાર્ગ પર બનેલા આ અન્ડર પાસ પર ટ્રાફિકની અવરજવર શરૂ આસપાસના વિસ્તારમાં સર્વિસ માર્ગ બનાવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. હાલ સર્વિસ રાડે બનાવવા માટે માટી પુરાણની કામગીરી ચાલી રહી છે. જયારે ૧૧ મીટરના પહોળા આ સર્વિસ માર્ગનુ કામ પણ આગામી એક મહીનામાં પુર્ણ કરી દેવાશે.

### ગ માર્ગ પર ચાર મહિનામાં અન્ડર પાસનુ કામ પુર્ણ કરી દેવાશે

શહેરના મુખ્ય ઘ માર્ગની સાથે ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જો કે ગ માર્ગના અન્ડર પાસની કામગીરી થોડા સમય અગાઉ જ હાથ ધરવામાં આવી છે. પરંતુ આ કામગીરી ઝડપથી પુર્ણ ખરી દેવાશે. જયારે હાલ આ કામગીરીને અનુલક્ષી ગ- ૪ પાસે પણ ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ છે. જેના લીધે ટ્રાફિકની અવરજવર મામલે બહારથી આવતા મુલાકાતીઓ માટે આ વિસ્તાર ભુલભુલૈયા સમાન બની ગયો છે. સુત્રોના જણાંવ્યા મુજબ ગ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવાનુ કામ પણ આગામી ચાર મહીનામાં અલબત્ત દિવાળી પુર્વે પુર્ણ કરી દેવાશે.

### અન્ડર પાસની ઉપરના ભાગે બે મહિનામાં પાર્ક તૈયાર થઈ જશે

શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરી દેવાયો છે. આજે આ અન્ડર પાસ પર ટ્રાફિક પણ ધમધમતો થઈ ગયો છે. જયારે અન્ડર પાસ તૈયાર થઈ ગયા બાદ હવે સર્વિસ માર્ગ બનાવાની કામગીરી પણ આરંભી દેવામાં આવી છે. બીજીતરફ અન્ડર પાસને અનુલક્ષી ઉપરની બાજુએ સ્વર્ણિમ પાર્ક બનાવાની કામગીરી પણ પ્રારંભિક તબક્કે શરૂ થઈ ગઈ છે. ગ- ૪ થી ચ-૪ સુધી સળંગ પાર્કનો નઝારો જળવાઈ રહે તે માટે અન્ડર પાસ પર બગીચાના નિર્માણની કામગીરી પણ હવે ઝડપથી પુર્ણ કરાશે.અન્ડર પાસને અનુલક્ષી સ્વર્ણિમ પાર્કના એક ભાગનુ કામ બે મહીનામાં પુર્ણ કરી દેવાશે.

શ્રદ્ધાંજલી



સ્વ.શ્રી ચીમનલાલ ઝવેરભાઈ ગોહેલ
રીટાયર્ડ ચીફ એન્જીનીયર (R & B Gujarat)
સ્વ.તા.૧૦-૦૪-૨૦૨૧ શનિવાર (ગાંધીનગર)
જીવનભર પ્રામાણિક કર્તવ્યનિષ્ઠ નિસ્પૃહી રહી, પ્રેરણાદાયી પંચામૃત જીવનમાં સ્નેહ સદ્ભાવ અને સંસ્કારનો શિલાલેખ બનાવી, સમાજમાં સ્નેહાળ સંબંધો દ્વારા દિવ્યતાની અખંડ જયોત જગાવી. સૌ કોઈને મીઠો આવકાર આપનારા પ્રેરણામૂર્તિ સમાન અમારા સ્વ. પિતાશ્રીને કોટી કોટી વંદન.
• પરેશ ચીમનલાલ ગોહેલ - મો.૯૮૭૯૨૦૬૫૩૯
• નિલેશ ચીમનલાલ ગોહેલ - મો.૯૭૫૭૦૨૨૫૪૮
• ઉદયન ચીમનલાલ ગોહેલ - મો.૯૯૨૫૮૮૨૬૧૦
• પારૂલબેન પુષ્કરરાય દેસાઈ - મો.૯૪૦૯૦૭૨૬૯૧
VIVEK-3004142
વર્તમાન સંજોગોને અનુલક્ષીને લૌકીક ક્રીયા રાખવામાં આવેલ નથી.
ટેલીફોનીક બેસણું : તા.૧૫-૦૪-૨૦૨૧ ગુરૂવારના રોજ રાખવામાં આવેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મો. ૯૮૨૫૦ ૩૮૩૭૮
www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
ચૂંટણી પત્રિકા, પેમ્ફલેટ અરજન્ટમાં પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com